# શિક્ષણમંત્રીની સંવેદના: માલપુરના જીવદયા પ્રેમી દેવીપૂજક પરીવારને આર્થિક સહાય પુરી પાડી

બાયડ તા ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે વિકાસના વિવિધ



પ્રકલ્પોનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કરવા આવેલા શિક્ષણ મંત્રી માલપુર ખાતે પક્ષીને બચાવવા જતા જીવ ગુમાવનાર દેવીપુજક પરીવારને મળી સાંત્વના પાઠવી હતી અને સહાયનો ચેક અપર્ણ કર્યો હતો.

આ અંગે શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, સામાન્ય શાકભાજીનો વેપાર કરી ગુજરાન ચલાવતા દિલીપભાઈમાં અબોલ પશુ-પંખીઓ માટે અનુકંપા હતી જેને લઈ વીજપોલના તારમાં ફસાયેલા પક્ષીને બચાવવા જતા અકસ્માતે મોતને ભેટયા હતા તે સમાચાર મે અખબાર અને સોશિયલ મિડીયાના માધ્યમથી જાણ્યા, મે આ વાત મારા સોશિયલ મિડીયાના પ્લેટફોર્મ પર રજૂ કરી અને લોકોને સહાય માટે અપીલ કરી જેને પરીણામે અલગ અલગ વિસ્તારમાંથી સહાયનો પ્રવાહ ચાલુ થતાં અત્યાર સુધી રૂ. ૧૨,૧૨,૨૦૬ની સહાય મળી છે, હું પણ એક જીવદયા પ્રેમી હું વયક્તિગત ધોરણે રૂ. ૧૧હજારની સહાય કરી છે. આ ઉપરાંત રાજય સરકાર તરફથી મળતી આવાસ અને વિધવા સહાયની તાત્કાલિક ધોરણે પુરી પડાય તે માટે સબંધિત અધિકારીઓને સૂચન કરવામાં આવ્યું છે. તેના પરીવારના મોભી ગુમાવતા અરવલ્લીના શિક્ષણ શરાફી મંડળીના વ્યાજમાંથી દર મહિને રૂ. ૨૫૦૦ની સહાય આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સાસંદ દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ લાલસિંહ રહેવર, કલેકટર નરેન્દ્રકુમાર મીણા તથા અગ્રણીઓની ઉપસ્થિતિમાં પરીવારના અભ્યાસ કરતા બાળકોને શૈક્ષણિક કિટ પણ અપર્ણ કરવામાં આવી હતી..

# ભાજપ સરકારે ૭ વર્ષમાં ગૃહિણીઓના ઘરના બજેટમાં ધાડ પાડવાનું કામ કર્યુ છે : મોઢવાડિયા

**ખેત ઉત્પાદનોના ભાવ નથી વધ્યા, જ્યારે મોંઘવારીમાં બમણો વધારો : સરકાર લોકોની બચત ઠીક મુખનો કોળીયો પણ છીનવી રહી છે**

ગાંધીનગર, તા. ૩

આ અંગે અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યુ હતુ કે એક બાજુ ૭ વર્ષમાં ખેત ઉત્પાદનના ભાવમાં કોઈ વધારો થયો નથી. જ્યારે બીજી બાજુ ૨૦૧૪માં કપાસીયા તેલ(ડબ્બો) રૂ.૧૦૪૦ માં મળતો હતો. જેના ભાવ વધીને અત્યારે રૂ.૨૬૦૦ સુધી પહોંચી ગયા છે. સિંગતેલ (ડબ્બો) જે ૨૦૧૪માં રૂ.૧૩૭૦ માં મળતો હતો તેના ભાવ અત્યારે વધીને રૂ.૨૮૦૦ સુધી પહોંચી ગયા છે. એલપીજી સિલેન્ડરના ભાવ ૨૦૧૪ માં રૂ.૪૧૦ હતા, જે ૭ વર્ષમાં વધારીને રૂ. ૮૩૪ કરી દેવાયા છે. અમૂલ ગોલ્ડ એક લિટર દૂધના ભાવ ૨૦૧૪ માં રૂ.૪૨ હતા જે વધારીને અત્યારે રૂ.૫૮ કરી દેવાયા છે. ૨૦૧૪ માં એક કિલો કઠોળના સરેરાશ ભાવ રૂ.૬૦ થી ૮૦ હતા, જે વધારીને રૂ.૧૪૦થી ૧૮૦ કરી દેવાયા છે.

**ગૃહિણીઓના બજેટ ઉપર ભાજપ સરકારની ધાડ!**

| વસ્તુ | ૨૦૧૪નો ભાવ | ૨૦૨૧નો ભાવ |
|---|---|---|
| કપાસીયા તેલ(ડબ્બો) | ૧૦૪૦ | ૨૬૦૦ |
| સિંગતેલ (ડબ્બો) | ૧૩૭૦ | ૨૮૦૦ |
| એલપીજી સિલેન્ડર | ૪૧૦ | ૮૩૪ |
| દુધ (અમૂલ ગોલ્ડ/લિટર) | ૪૨ | ૫૮ |
| કઠોળ (૧ કિ.ગ્ર./સરેરાશ) | ૬૦-૮૦ | ૧૪૦-૧૮૦ |
| પેટ્રોલ (૧ લિટર) | ૬૪ | ૯૬ |

(*ભાવ રૂપિયામાં)

ઉપરાંત શાકભાજી સહિતની અન્ય વસ્તુઓના ભાવ પણ આસમાને છે. પરિણામે ૨૦૧૪માં મધ્યમ વર્ગના પરિવારની ગૃહિણો માસિક સરેરાશ રૂ.૧૫,૦૦૦ ખર્ચમાં ઘર ચલાવતી હતી. જે માટે ૨૦૨૧ માં રૂ.૨૫,૦૦૦ ખર્ચ કરવો પડી રહ્યો છે. પરિવારોની આવક વધવાની જગ્યાએ ઘટી છે અથવા છીનવાઈ ગઈ છે. ત્યારે મોંઘવારીમાંથી લોકોને રાહત આપવાની જગ્યાએ લૂંટેરી સરકાર ધાડપાડુ બનીને લોકોની બચત ઠીક મુખનો કોળીયો પણ છીનવી રહી છે.

# અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓ શરુ

અમદાવાદ,તા.૪

૧૪૪મી રથયાત્રાને લઈને શહેરમાં પોલીસ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરી દેવામાં આવી છે અને મંદિરમાં પણ તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ દર્શન માટે મંદિરમાં લોકો મંદિરે જોવા મળી રહ્યા છે. મંદિરની સામે ઉભેલા ગજરાજના આશીર્વાદ લેતા લોકો નજરે પડ્યા હતા.

રથયાત્રામાં આ વખતે ઘણી એક્ટિવિટી પર પ્રતિબંધ હશે તેવું પણ જાણવા મળી રહ્યું છે. જેમાં અખાડા અને ટ્રકને પરવાનગી નહિ મળે સાથે સામાન્ય લોકો પણ દૂરથી જ નાથના દર્શન કરી શકશે. આ રથયાત્રામાં સૌપ્રથમ હાથી નીકળે છે ત્યારબાદ ભગવાનના રથ મંદિર પરિસરની બહાર નગરચર્યાએ નીકળે છે. આ હાથીએ રથયાત્રામાં સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર હોય છે. બાળકોથી માડીને વૃદ્ધો પણ જ્યારે નાથની નગર ચર્યા દરમિયાન હાથી તેઓના ઘર આગળથી પસાર થાય ત્યારે તેના દર્શન કરી તેને ફ્રૂટ કે ગોળ જેવી વસ્તુઓ ખવડાવતા હોય છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રામાં હાથી જોડાવા જોઈએ. આ હાથીનું રથયાત્રા સાથે એક પારંપરિક મહત્વ છે. તે રથયાત્રાની શોભામાં વધારો કરે છે. દર વર્ષે જે હાથી રથયાત્રામાં જોડાય છે તેમાં એક હાથી જોડે ૩-૪લોકો રહે છે. જેમાં એક મહાવત અને ૩ સાથીદારો. આ તમામ હાથીને સાચવનારા મહાવત ગુજરાત બહારના છે તેઓમાંથી અમુક મહાવત અહીં આવી ગયા છે.

## કંપની સમાચાર

### ક્લીન સાયન્સ એન્ડ ટેકનોલોજી લિમિટેડનો આઈપીઓ ૭મીએ ખુલશે

**રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેર (“ઇક્વિટી શેર”)ની પ્રાઇસ બેન્ડ રૂ. ૮૮૦થી રૂ. ૯૯૦ નક્કી થઈ છે**

પર્ફોર્મન્સ કેમિકલ્સ (એટલે કે MEHQ, BHA અને AP), ફાર્માસ્યુટિકલ ઈન્ટરમીડિયેટ્સ (એટલે કે ગુઈઅકોલ અને DCC) અને એફએમસીજી કેમિકલ્સ (એટલે કે ૪-MAP અને એનિસોલ) જેવા મહત્વપૂર્ણ સ્પેશિયાલ્ટી કેમિકલ્સનુ ઉત્પાદન કરતી ક્લીન સાયન્સ એન્ડ ટેકનોલોજી લિમિટેડના ઈક્વિટી શેરનો આઈપીઓ (“આઈપીઓ”/”ઓફર”) ૭ જુલાઈ, ૨૦૨૧ના રોજ ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૮૦થી રૂ. ૯૦૦ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૧૬ ઈક્વિટી શેર અને પછી ૧૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

આઈપીઓ રૂ. ૧૫,૪૬૬.૨૨ મિલિયનના વેચાણની ઓફર હશે, જેમાં અશોક રામનારાયણ બૂબના રૂ. ૨,૪૪૦.૧૬ મિલિયનના શેર, ક્રિષ્ણાકુમાર રામનારાયણ બૂબના રૂ. ૧,૯૩૦.૫૯ મિલિયનના શેર, સિદ્ધાર્થ અશોક સિક્ચીના રૂ. ૪૦૫.૦૫ મિલિયન શેર, પાર્થ અશોક મહેશ્વરના રૂ. ૭૫૯.૮૩ મિલિયનના શેરનું વેચાણ સામેલ હશે. ઓફરમાં આશા અશોક બૂબના રૂ. ૨,૪૪૦.૧૬ મિલિયનના શેર, અશોકકુમાર રામકિશન સિક્ચી એચયુએફના રૂ. ૧,૩૬૦.૫૧ મિલિયનના શેર, ક્રિષ્ણાકુમાર રામનારાયણ બૂબ એચયુએફના રૂ. ૪૧૫.૫૧ મિલિયનના શેર, અશોક રામનારાયણ બૂબ એચયુએફના રૂ. ૭૫૨.૬૦ મિલિયનના શેર, નિધિ મોહુન્તાના રૂ. ૭૫૯.૮૩ મિલિયનના શેર, નીલિમા ક્રિષ્ણાકુમાર બૂબના રૂ. ૮૪૦.૭૭ મિલિયનના શેર, શ્રદ્ધા ક્રિષ્ણાકુમાર બૂબના રૂ. ૪૪૦.૨૮ મિલિયનના શેર, પ્રસાદ ક્રિષ્ણાકુમાર બૂબના રૂ. ૪૪૦.૨૮ મિલિયનના શેર, પૂજા વિવેક નવાન્દરના રૂ. ૪૪૦.૨૮ મિલિયનના શેર, આશા અશોક સિક્ચીના રૂ. ૧,૧૪૧.૩૮ મિલિયનના શેર, કુનાલ અશોક સિક્ચીના રૂ. ૩૧૦.૫૪ મિલિયનના શેર, અશોક સિક્ચીના રૂ. ૨૮૨.૪૩ મિલિયનના શેર, નંદિતા સિક્ચીના રૂ. ૨૭૩.૬૦ મિલિયનના શેર, ગણપતિ દાદાસાહેબ યાદવના રૂ. ૩૨.૪૨ મિલિયનના શેર સામેલ હશે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧ છે.

ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)નું પાલન કરીને અને સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૩૧ સાથે વાંચીને સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭, જેમાં સમયેસમયે થયેલા સુધારા (“એસસીઆરઆર”)ના નિયમ ૧૯(૨)(બી) અંતર્ગત બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા રજૂ થઈ છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂટશન બાયર્સ (“ક્યુઆઈબી”, “ક્યુઆઈબી પોર્શન”)ને ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે, જેમાં શરત એ છે કે, અમારી કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે એક્કર રોકાણકારોને ફાળવી શકે છે (“એક્કર ઈન્વેસ્ટર પોર્શન”). સેબી આઈસીડીઆર નિયમનોને અનુરૂપ એક્કર ઈન્વેસ્ટર પોર્શનનો એક-તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે રિઝર્વ રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એક્કર ઈન્વેસ્ટર ફાળવણીની કિંમત પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે.

## કલોલમાં ધારાસભ્યના ઘરે થયેલ ચોરીની તપાસ ક્રાઈમ બ્રાન્ચ-૨ને સોંપાઈ

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર જિલ્લાના કલોલ ના ધારાસભ્ય બળદેવજી ઠાકોરનાં બંગલામાં થયેલી રૂ. ૮.૫૧ લાખની ઘરફોડ ચોરી પ્રકરણ ની ગંભીર નોંધ લઈ જિલ્લા પોલીસ વડા દ્વારા ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ - ૨ ને તપાસ સોપવામાં આવતા જ ક્રાઈમ બ્રાંચ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને તસ્કરોનું પગેરૂ શોધી કાઢવા કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ ચોરીના બનાવો એ માઝા મુકતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ત્યારે સામાન્ય પ્રજાની સાથે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરનાં બંધ બંગલામાં તસ્કરો પાછળના ભાગથી પ્રવેશી અને મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર ઘૂસ્યા હતા. બાદમાં તસ્કરો એ ઠંડા કલેજે સ્થાનિક પોલીસની ગાઢ નિદ્રાનો લાભ ઉઠાવી બંગલાનો સામાન ફેંદી નાંખી કુલ રૂ. ૮.૫૧ લાખની મત્તા ચોરીને ફરાર થઈ ગયા હતા.

જિલ્લા પોલીસ વડાએ ગાંધીનગર ક્રાઈમ બ્રાંચનાં ઈન્સ્પેક્ટર હરદીપસિંહ ઝાલાને તપાસ સોંપી દેવામાં આવી છે. ત્યારે ક્રાઈમ બ્રાંચ દ્વારા અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફુટેજ સહિત ટેકનિકલ સર્વેલન્સ થકી તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

# કાયદાની ઐસી કી તૈસી : નગરપાલિકા તથા વિજ તંત્રના આંખ આડા કાન : તંત્રના પાપે દબાણકારો બેફામ

**હિંમતનગર નગર પાલિકામાં સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટની જગ્યામાં દબાણનો રાફડો ફાટયો**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૩

હિંમતનગર નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ના



મોતીપુરા વિસ્તારની નિજાનંદ નગર સોસાયટીમાં બ્લોક નંબર-૨૪ ના મકાન માલિક ઉમાકાન્ત સુથાર દ્વારા સોસાયટીના કોમન પ્લોટ ની જાહેર હેતુની સાર્વજનિક જગ્યામાં તાજેતરમાં થઈ રહેલ ગેરકાયદેસર બિન-અધિકૃત બાંધકામ સહિત સોસાયટીની કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કેટલાક સ્થાનિક રહીશો દ્વારા સંડાશ - બાથરૂમ , નાની-મોટી ઓરડીઓ , દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવતા સોસાયટીના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જેને લઈને એક જાગૃત નાગરિક દ્વારા હિંમતનગર નગરપાલિકા મહિલા પ્રમુખ યતીનબેન મોદી તથા સ્થાનિક કોર્પોરેટર સવજીભાઈ ભાટીને રૂબરૂ મૌખિક રજૂઆત કરવામાં આવી છે ત્યારે કેટલાક સ્થાનિક રહીશો દ્વારા નીતિ-નિયમો નેવે મૂકીને છેડે ચોક કરવામાં આવેલા ગેરકાયદેસર બિનઅધિકૃત દબાણો સોસાયટીના રહીશોના હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી દબાણો દૂર કરવામાં આવી એવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

**નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેક્શન સહિત દબાણો દૂર કરવા લોકમાંગ**

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં- ૬ની નિજાનંદ નગર સોસાયટીમાં વીજતંત્રની રહેમ નજર હેઠળ અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ફાળવવામાં આવેલા ભૂતિયાં કનેકશનનો સહિત કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કરવામાં આવેલા દબાણો અંગે વીજ તંત્ર તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેકશન રદ કરી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી લોક માંગ પ્રબળ બની છે

નિજાનંદ નગર સોસાયટીમાં કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં સ્થાનિક રહીશો દ્વારા નીતિનિયમો નેવે મૂકીને છેડેચોક ગેરકાયદેસર બિન અધિકૃત સંડાશ - બાથરૂમ , નાની-મોટી ઓરડીઓ, દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવ્યા દબાણોને પગલે જગ્યા ન હોવાથી નાનો મોટો પ્રસંગ કરવો હોય તો મોંઘા ખર્ચે પાર્ટી પ્લોટ ભાડે લેવાની નોબત આવી પડે છે તેમજ નાના-મોટા વાહનો પાર્કીંગ કરવામાં પણ

**સોસાયટીના સ્થાનિક રહીશ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શનો અંગે વીજ તંત્રને રજૂઆત કરવામાં આવી હતી**

વાણિજ્યિક હેતુના વિજ કનેક્શન માટે સ્થળમાં અન્ય કોઈનો હક્ક , હિત હોય તો તેમની જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ હોવી જરૂરી છે તેમજ સ્થળ ભાડાનું હોય તો. માલિકનું વીજ જોડાણ આપવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" તથા સ?થળની માલિકી દર્શાવતો/મકાન નંબર સાથેનો સક્ષમ અધિકારીનો દાખલો, અગર કરવેરા બીલની છેલ?લા વર્ષની પ્રામાણિત નકલ સહિતના આધાર પુરાવાઓ વગર વીજ તંત્ર દ્વારા ભૂતિયા કનેક્શન આપવામાં આવતા નિજાનંદનગર સોસાયટીના રહીશ દીપકભાઈ ધોબીએ આજથી ત્રણેક માસ અગાઉ સોસાયટીના કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર બિનઅધિકૃત રીતે ઉભા કરાયેલ " કુમાર વેલ્ડીંગ વર્કસ " નામના કારખાનામાં અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ભૂતિયા વિજ કનેક્શન અંગે નાયબ ઈજનેર યુજીવીસીએલ હિંમતનગરને લેખિતમાં અરજી કરી ભૂતિયા કનેકશન રદ કરવા માગણી કરી હતી

હોવાથી સોસાયટીમાં કોઈ પણ નાના મોટા પ્રસંગ કરવા હોય તો તેના માટે જગ્યા નથી .. !

જેથી સોસાયટીના મધ્યમ વર્ગના સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને જન્મ-મરણ-લગ્ન પ્રસંગ કે સામાજિક પ્રસંગો ની ઉજવણી માટે સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટ માં દબાણકારો દ્વારા ગેરકાયદેસર બિનઅધિકૃત ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેથી સોસાયટીના રહીશોને હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા નીતિનિયમો નેવે મૂકીને મેળવવામાં આવેલા ભૂતિયાં કનેકશનનો સહિત ગેરકાયદેસર બિન - અધિકૃત બાંધકામોને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે



રથયાત્રા સુરક્ષા - અમદાવાદમાં નિકળનારી રથયાત્રા સંદર્ભે સુરક્ષાના હેતુસર પોલીસ અને સુરક્ષાદળોએ રથયાત્રાના રુટ પર નિરીક્ષણ હાથ ધર્યું હતું.

# પ્રાંતિજ પોલીસે રાત્રીના સમયે એક ઈસમને ઝડપી પાડયો

**જી.પી.એક્ટ કલમ-૧૨૨ મુજબ ગુનો નોધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી : પ્રાંતિજના સિનેમારોડ ઉપરથી પ્રાંતિજના ઈસમને ઝડપી પાડયો**

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે થી રાત્રીના સમયે પ્રાંતિજ પોલીસે એક ઈસમ ને ઝડપી પાડી તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ રાત્રીના સમયે પ્રાંતિજ વિસ્તાર માં પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન પ્રાંતિજ સિનેમારોડ ઉપર જતા એક ઈસમ પોલીસ ની ગાડીઓ જોઈ ને પાસે આવેલ દુકાનો પાછળ સતાવા જતા પ્રાંતિજ પોલીસ ને શંકા જતા ચારે બાજુએ પોલીસ દ્વારા કોર્ડન કરી ઈસમ ને ઝડપી પાડયો હતો તો તેની પુછપરછ કરતા ગભરાયેલી હાલતમા તાહીરહુસેન સલીમમીયા કુરેશી ઉ.વર્ષ-૨૭ રહે. પ્રાંતિજ ૯૯૯ ક્વાર્ટસ રહેતો હોવાનુ જાણવા મળ્યુ હતુ અને વધુ પુછપરછ કરતા પકડાયેલા ઈસમ દ્વારા કોઈ જ સંતોષ કારક જવાબના આપતા પ્રાંતિજ પોલીસ દ્વારા જી. પી. એક્ટ કલમ-૧૨૨(સી) મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# કોરોનાથી માનસિક સ્થિતિ પર અસર, સિવિલમાં દર્દીઓમાં ધરખમ વધારો

**સિવિલ હોસ્પિટલમાં મેમાં ૧૪૫૩ કેસ, જૂનના ૮ દિવસમાં ૪૩૮ માનસિક દર્દીઓ આવ્યા**

અમદાવાદ,તા.૪

શહેરની સિવિલ હોસ્પિટલમાં કોરોના બાદ મ્યુકોરમાઈકોસિસમાં કેટલાંક અંશે રાહત થઈ છે. ત્યારે કોરોનાથી માનસિક સ્થિતિ પર થતી અસર ચિંતાનો વિષય બની છે. બે મહિનામાં દર્દીઓમાં ધરખમ વધારો થયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મે મહિનામાં તેના ૧૪૫૩ કેસ જ્યારે જૂનના ૮ દિવસમાં ૪૩૮ માનસિક દર્દી સારવાર માટે સિવિલ હોસ્પિટલના માનસિક વિભાગમાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સિવિલમાં આવી રહેલા દર્દીઓમાં ડિપ્રેશન, સ્વજનો ગૂમાવવાનું દુઃખ, માનસિક તણાવ, વારંવાર એક જ પ્રવૃતિઓ કરતા હોય તેવાનો સમાવેશ થાય છે. દરરોજ ૫૦ દેટલા માનસિક રોગોના દર્દીઓ હોસ્પિટલમાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. કોરોનાને કારણે આર્થિક રીતે ભાગી પડેલા લોકોને પણ માનસિક અસર જોવા મળી રહી છે.

કોરોનાના ડરના કારણે લોકો વારંવાર હાથ ધોવા, સેનિટાઈઝ કરવું, માસ્કથી કંટાળો આવવો, સતત માસ્ક પહેરી રાખવું જેવી પ્રવૃતિઓ કરી રહ્યા છે. ઉપરાંત લોકોને સતત મને કોરોના થઈ જશે તેવો ડર સતાવતા આ પ્રકારની પ્રવૃતિઓ વધુ કરવા લાગ્યા છે. એટલું જ નહીં, ઘરમાં જ રહેવાથી પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ વધતાં માનિસક અસર જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બાળકોને ઓનલાઈન શિક્ષણને કારણે શિક્ષણની ગુણવત્તા પણ ઓછી થઈ ગઈ છે. સાથે ઘરમાં જ રહેતા હોવાથી સ્વભાવ પણ ચીડિયો થઈ જાય છે. જ્યારે ભણવા સિવાય મોબાઈલ અને ઈન્ટરનેટને કારણે અન્ય પ્રવૃતિઓ કરતા થા છે. આમ બાળકોને ફિઝિકલ એક્ટિવિટી બંધ થઈ જતા માનિસક અસર જોવા મળી છે. સિવિલમાં કોરોના બાદ સ્કિન ડીસિઝના કેસોમાં પણ વધારો જોવા મળ્યો હતો. બે મહિનામાં સ્કીન ડિસીઝના કેસોમાં ધરખમ વધારો થયો છે.

## વડોદરામાં હિટ એન્ડ રન કેસ

# ખુલ્લી જીપમાં રોફ જમાવતા નબીરાએ માસૂમ બાળકને કચડ્યો

વડોદરા,તા.૪

વડોદરામાં માંજલપુર પાસે અકસ્માતની ઘટના સામે આવી જેમાં ૭ વર્ષના બાળકનું અપમૃત્યું નિપજ્યું હતું દારૂના નશામાં જીપ ચાલકે એક્ટિવા પર જતા ત્રણ લોકોને ટક્કર મારતા ૭ વર્ષના બાળકનું કરુણ મોત નિપજ્યું હતું ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

શનિવારે સાંજે જીપના ચાલકે મોપેડને ટક્કર મારતાં ૭ વર્ષના બાળકનું મોત નિપજ્યું છે. માસીના ઘરે રહેતો કવિશ પટેલ જેની ઉંમર સાત વર્ષની છે તે ટ્યૂશન પુરું કરીને માટા ભાઈ બેર સાથે એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યો હતો તે વખતે પૂરપાટ ઝડપી આવતી જીપે એક્ટિવાને ટક્કર મારી હતી જેના કારણે રોડ પર પટકાતા કવિશને માથાના ભાગે ઈજા પહોંચતા જેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું છે.

મહત્વનું છે જે સમયે અકસ્માત સર્જાયો તે સમયે જીપ ચાલક દારૂના નશામાં હોવાનું મનાઈ રહ્યું છે ઘટના બાદ જીપ ચાલક જીપ મુકી ફરાર થઈ ગયા હતા જીપમાં અન્ય ત્રણ લોકો પણ સવાર હોવાનું સામે આવ્યું છે, માંજલપુર વિસ્તારમાં રોફ જમાવવા પુરપાટ ઝડપે અસામાજિક તત્વો જીપ ચલાવી રહ્યા હોવાની લોકોમાં ચર્ચા થઈ રહી છે.

જીપ ચાલકે હિટ એન્ડ રનની ઘટના બાદ અલવા નાકા પાસે ડીવાઈડર પર જીપ ચઢાવી દીધી હતી. આ પછી જીપ મૂકી જીપ ચાલક ફરાર થયો હતો.

# લીંબડી-રાજકોટ હાઈ-વે પર ૭ અજાણ્યા શખ્સોએ બંદૂક, છરી જેવા હથિયારો વડે લૂંટ ચલાવી

**પથી ૬ ગાડીઓ લૂંટાઇ, અંદાજે રૂ. એક લાખથી વધુની લૂંટ**

સુરેન્દ્રનગર,તા.૪

લીંબડી-રાજકોટ હાઈવે પર અંદાજે ૭ જેટલા અજાણ્યા શખ્સોએ બંદુક, છરી જેવા હથિયાર વડે લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ લૂંટની ઘટનામાં અંદાજે પથી ૬ ગાડીઓ લૂંટાઈ હતી. જેમાં રોકડા અને સોના ચાંદીના દાગીના મળી અંદાજે રૂ. એક લાખથી વધુની લૂંટની ઘટના બનવા પામી હતી. લીંબડીના છાલીયા તલાવ નજીકના આ બનાવમાં હાઈવે પર જઈ રહેલા અંદાજે ૫ થી ૬ વાહનોને રોકી ડ્રાઈવર અને કલીનરને માર મારી રોકડ, સોના ચાંદીના દાગીનાની લૂંટ ચલાવવામાં આવી હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી - રાજકોટ હાઈવે પર રાત્રીના એક વાગ્યાથી ચાર વાગ્યાના સમયગાળામાં અંધારામાં અંદાજે ૭ જેટલા અજાણ્યા શખ્સોએ બંદુક, છરી જેવા હથિયાર વડે લુંટ ચલાવી હાઈવે પરના આઈશર અને ટ્રકો સહિતની ગાડીઓને આંતરીને રીવોલ્વરની અણીએ લૂંટ ચલાવી હતી. રાત્રીના અંધારામાં લૂંટ ચલાવી રીવોલ્વર, તલવાર અને છરી સાથે આવેલા સાત જેટલા લૂંટારાઓ પોતાના વાહનમાં ફરાર થઈ ગયા હતા. આ અંગે લીંબડી પીએસઆઈ વી.એન.ચૌધરીએ જણાવ્યું કે, આ ઘટના અંગે ફરીયાદ નોંધવાની તજવીજ હાથ ધરવાની સાથે ઘટના સ્થળે રૂબરૂ જઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે હાઈવે પર લૂંટનો ભોગ બનનારા આઈશર ચાલક રવિ પરમારે જણાવ્યું કે, અમે લોકો અમારી સફેદ કલરની આઈશર લઈને વાંકાનેરથી ચીખલી તરફ જઈ રહ્યાં હતા ત્યારે લીંબડી મેલડી માતાના મંદિર નજીક અમે અગરબત્તી કરવા ગાડી ઉભી કરી હતી ત્યાં લૂંટારાઓ ગાડી ચાલકને પકડીને લઈ ગયા બાદ મને પણ પકડીને લઈ ગયા હતા અને પછી અમને બંનેને બાંધીને લાકડીથી માર મારી રાત્રે એક વાગ્યે પકડીને ત્રણ વાગ્યે છોડ્યા હતા. મારી પાસેના રૂ. ૧૨,૦૦૦ અને ગાડીમાં રાખેલા રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૩૨,૦૦૦ની લૂંટ ચલાવી હતી.

## મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માળખાકીય સુવિધાઓ, પૂરતા પ્રમાણમાં વર્ગખંડ, સ્માર્ટ ક્લાસરૂમ, અદ્યતન કોમ્પ્યુટર લેબ અને જીઈસ લેબ, ફિટ ઈન્ડિયા અંતર્ગત રમત-ગમતના સાધનો અને વિશેષ પ્રકારનું ગુણવત્તાયુક્ત અને પરિણામલક્ષી શિક્ષણ આપવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આ સમગ્ર મિશનનો હેતુ વિદ્યાર્થીઓમાં હાયર ઓર્ડર થીન્કીંગ સ્કિલ્સના વિકાસ દ્વારા રાજ્યને ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્સ એસસમેન્ટમાં ભાગ લેવા માટે રાજ્યને તૈયાર કરવાનો રહેશે.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી આ અંગેની શિક્ષણ વિભાગ દ્વારા બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

રાજ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સરકારે ગુણોત્સવનો કાર્યક્રમ અમલી બનાવ્ય હતો. હવે આ ગુણોત્સવનું સ્વરૂપ બદલાયુ છે અને તેમાં શાળાના વિદ્યાર્થીઓમાં શું ખૂટે છે, શાળામાં કઈ ત્રુટી છે તેનું મૂલ્યાંકન થાય છે. શાળા-શાળા વચ્ચે સ્પર્ધા નહિ પણ સમન્વયનો અને એક સમરસ વાતાવરણના અભિગમ સાથે તંત્ર આગળ વધી રહ્યુ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ મિશન સ્કૂલ્સ ઓફ એક્સલેન્સના મોનીટરીંગ અને વ્યવસ્થાપન માટે ગાંધીનગરમાં અત્યાધુનિક ટેકનોલોજી સાથેનું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ઝઝઝ-૨.૦)નું તાજેતરમાં જ લોકાર્પણ કરવામાં આવ્યુ છે.

સઘન અને સતત મોનીટરીંગ આ સેન્ટર દ્વારા કરવામાં આવશે. આ સેન્ટર ખાતેથી આર્ટિફિશિયલ, ઈન્ટેલીજન્સ, બીગ ડેટા એનાલિસિસ અને મિશન લર્નીંગનો ઉપયોગ કરી ગુજરાતની તમામ શાળાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓના રિઅલટાઈમ ઓનલાઈન અને ઈન્ટેલીજન્ટ એનાલિસિસ સુનિશ્ચિત કરવાની કામગીરી કરવામાં આવશે.